**કામનું નામ – મેન્ટેનન્સ એન્ડ રીપેર્સ (આસફાલ્ટ વર્કસ) ઈન તા. પાટણ એન્ડ સરસ્વતી અન્ડર જ્યુરીકશન ઓફ આર. એન્ડ બી. (પંચાયત) સબ ડીવીઝન પાટણ, જિ. પાટણ.**

(૧) સદર ટેન્ડરના ભાવો ટકાવારી (ઉંચા / નીચા ) મુજબ ભરવાના રહેશે.

(૨) સદર કામગીરી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, મા. અને મ. (પં) પેટા વિભાગ ચાણસ્મા ના તાબા હેઠળના ચાણસ્મા તાલુકામાં કરવાની રહેશે.

(3) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી/ સાઈટ એન્જીનિયરની લેખિત સૂચના મુજબની તમામ કામગીરી કરવાની રહેશે

(૪) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી/ સાઈટ એન્જીનિયરની લેખિત / મૌખિક અથવા ધ્વનિર્સદેશની સૂચના આપ્યાને ૧ (એક) દિવસમાં અથવા અનિવાર્ય સંજોગોમાં તૂર્ત જ સૂચવેલ કામગીરી સૂચના મુજબની તમામ કામગીરી કરવાની રહેશે.

(૫) મટેરીયલ્સના ટેસ્ટ રીઝલ્ટ નિયમોનુસાર પેટા વિભાગીય કચેરી સાથે સંકલન કરી રજૂ કરવાનાં રહેશે. ટેસ્ટીંગ ચાર્જ જે તે એજન્સીએ ભોગવવાનો રહેશે.

(૬) ભરેલ ભાવો સરકારી ટેક્ષીસ લેબર સેસ સહિતના અને જી.એસ.ટી. વિનાના આપવાના રહેશે. બીલ રજૂ કરતી વખતે જી.એસ.ટી.વાળુ બીલ રજૂ કરવાનું રહેશે.

(૭) સદર ટેન્ડરમાં કેટલું કામ આપવામાં આવશે તે પૂર્વ નિશ્ચિત ન હોઇ ટેન્ડરમાં ઇજારદાર લોસ ઓફ પ્રોફીટ કલેઇમ કરી શકશે નહી જે ઇજારદારને બંધનકર્તા રહેશે.

(૮) ભાવ પત્રક સાથે રૂા. ૫,૦૦,૦૦૦/- ની બેંક સોલવંશી કેલેન્ડર વર્ષ ૨૦૨૫ ની ઓનલાઇન રજુ કરવાની રહેશે.

(૯) બાનાની રકમ રૂા. ૧,૦૦,૦૦૦/- ની એફ.ડી.આર. ઓનલાઇન રજૂ કરવાની રહેશે. તેમજ ટેન્ડર ખોલ્યેથી એલ.૧ એજન્સીએ કરારખત વખતે રૂા.૨,૫૦,૦૦૦/-ની એફ.ડી.આર. ૧ (એક) વર્ષની મુદતની ડીપોઝીટ તરીકે જમા કરાવી કરારખત કર્યેથી વર્કઓર્ડર આપવામાં આવશે.

(૧૦) આ કામના ઇ-ટેન્ડરમાં ભાગ લેનાર તમામ ઇજારદારજો કામ કરવા ઇચ્છુક હોય તો આ ટેન્ડરના સૌથી નીચા ભાવથી કામ કરવા સહમતિ દર્શાવતી તમામ ઇજારદાર૧ (એક) વર્ષની મુદતની રૂા.૨,૫૦,૦૦૦/-ની એફ.ડી.આર. ડીપોઝીટ તરીકે જમા કરાવી કરારખત કર્યેથી વર્કઓર્ડર આપવામાં આવશે. જે શરત એલ-૧ મંડળીને બંધનકર્તા રહેશે.

(૧૧) મંડળી દ્વારા તેઓને સુપ્રત કરવામાં આવેલ કામગીરી નિયત સમયમાં કામગીરી પુરી પાડવામાં નહી આવે તો સુપ્રત કરવામાં આવેલ કામની અંદાજીત રકમના ૧૦% પેનલ્ટી લાગુ પડશે. જે ભરેલ ડીપોઝીટમાંથી જપ્ત કરવામાં આવશે.

(૧૨) મંજુર થયેલ ભાવથી કામ કરતા પહેલાં સક્ષમ કક્ષાએથી જરૂરી તાંત્રીક મંજુરી / વહિવટી મંજુરી મેળવી પેટા વિભાગમાંથી વર્કઓર્ડર મેળવી કામ કરવાનું રહેશે. તેમજ કામના રજૂ થયેલ બીલોમાંથી ૧.૨૫% લેખે સિકયોરીટી ડીપોઝીટની કપાત કરવામાં આવશે. જે નિયમોનુસાર મુકત કરવામાં આવશે.

(૧૩) મંજુર થયેલ ભાવોની મુદત મંજુરીની તારીખથી ૧૨(બાર) માસ અથવા નવીન ભાવો મંજુર ન થાય ત્યાં સુધી અમલી રહેશે.

(૧૪) ટેન્ડર મંજુરીનો નિર્ણય સક્ષમ અધિકારીશ્રીને અબાધિત હક્ક રહેશે.

(૧૫) કામગીરી દરમ્યાન જાહેર જનતા કે પર્યાવરણને નુકશાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. તેમજ જો આ અંગે કોઇ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની જવાબદારી જે તે મંડળીની રહેશે.

(૧૬) કામગીરી દરમ્યાન અકસ્માત કે અન્ય કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની જવાબદારી સબંધિત મંડળીને રહેશે. તે બાબતે સરકારશ્રીની કોઇ પણ જવાબદારી રહેશે નહી. તેમજ મજુરો અને કામદારોનો નિયમોનુસાર વીમો મેળવી લેવાનો રહેશે તથા જે તે કામગીરી શરૂ કરાવતા પહેલાં નિયમોનુસાર સબંધિત મંડળીઓના મજુરોના લેબર લાયસન્સની નકલ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીને રજૂ કરવાની રહેશે.

(૧૭) નિયમોનુસાર કરારખત કરવાનું રહેશે તેમજ તમામ કામો માર્ગ અને મકાન વિભાગના માન્ય રોડ સ્પેસિફિકેશન મુજબ કામગીરી કરવાની રહેશે.

(૧૮) બાનાની રકમ વગરનું ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહી.

(૧૯) કોઇપણ શરતી ભાવો સ્વીકારવામાં આવશે. નહી.

(૨૦) ખાસ કિસ્સામાં અગત્યતાના ધોરણે હાથ ધરવાની થતી કામગીરી જો ટુંકી સમય-મર્યાદામાં પૂર્ણ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે સોંપવામાં આવતી કામગીરી નિયત સમય-મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

(૨૧) કામમાં વાપરવામાં આવેલ માલ-સામાન જો રોયલ્ટી ચૂકવવાપાત્ર હોય તો તેની સંપૂર્ણ જવાબદારી સબંધિત મંડળીની રહેશે.

(૨૨) કામમાં વાપરવામાં આવેલ કોઇપણ મટેરીયલ્સનો ભાવ તફાવત અલગથી ચૂકવવામાં આવશે નહી, તે બાબત ધ્યાને રાખીને ભાવો ભરવાના રહેશે.

(૨૩) કામની શરૂઆત તથા કામ પૂર્ણ થયા બાદ કરેલ કામગીરીના ફોટોગ્રાફસ બીલ સાથે રજૂ કરવાના રહેશે.

(૨૪) ભાવપત્રકમાં દર્શાવવામાં આવેલ જથ્થો માત્ર યુનિટ માટેનો છે, કામગીરીનો જથ્થો જયારે જયારે કરવાનો થાય ત્યારે સબંધિત મંડળીએ આ ભરેલ ભાવથી પેટા કચેરીની સુચના મુજબના સ્થળે કામગીરી કરી આપવાની રહેશે.

(૨૫) સદર મંજુર થયેલ ભાવો ૧(એક) વર્ષ પહેલાં પણ ગમે ત્યારે રદ્ કરવાની સત્તા કાર્યપાલક ઇજનેરશ્રીની રહેશે.

(૨૬) સદર તમામ ભાવો સાઇડ બેઠાના લોડીંગ, અનલોડીંગ અને મેઝરમેન્ટ બોક્સ ભરવા સહિતના રહેશે.

(૨૭) મશીનરીઓનું ભાડાનું બીલ વિભાગ કે પેટા વિભાગમાં રજૂ કરતા સમયે જે તે સ્થળ ઉપર કામગીરી શરૂ થાય તે સમયથી કલાક / મીનીટ સહિતનું પત્રક (લોગબુક) બનાવી સમક્ષ અધિકારીશ્રીની સહી મેળવી રજૂ કરવાનું રહેશે.

(૨૮) ઇજારદારશ્રીને ગ્રાન્ટની ઉપલબ્ધ મુજબ ચૂકવણું કરવામાં આવશે. ચૂકવણીના વિલંબ માટે કોઇ વધારાના વ્યાજ કે, વળતર કે દાવો કરી શકાશે નહીં.

(૨૯) સરકારશ્રીના નિયમોનુસાર બીલમાંથી પ્રવર્તમાન જે કંઇ ઇન્કમટેક્ષ, લેબર સેશ, જી.એસ.ટી. તથા ડીપોઝીટો કે વિલંબીત ચાર્જ કપાત કરવાનો થાય તે બીલમાંથી વિભાગીય કચેરી તરફથી વસુલવામાં આવશે. નિયમોનુસાર કપાત જે તે કામગીરીના બીલમાંથી કરવામાં આવશે.

(૩૦) સદર કામગીરીના કોઇપણ વિવાદ અંગેનું ન્યાયક્ષેત્ર પાટણ રહેશે.

ઉપરોકત તમામ શરતો અમોએ વાંચી છે અને અમોને કબુલ મંજુર છે જે અમોને બંધનકર્તા રહેશે.

ઈજારદાર/એજન્સીની સહી/-

નાયબ કાર્યપાલક ઈજનેર
મા. અને (પં) પેટા વિભાગ
પાટણ

કાર્યપાલક ઈજનેર
મા. અને (પં) વિભાગ
જિલ્લા પંચાયત, પાટણ.